વડીલોને વંદન અભિનંદન

જશુમતીબેન મનુભાઈ સાવલિયા
(૧૯૪૦)ફોન: ૨૩૨૨૩૫૭૧

નગીનદાસ શીવલાલ પાટડીયા
(૧૯૩૮)ફોન: ૨૩૨૨૬૭૫૪

રાજ્યમાં ૪૦૩૩૫ વ્યક્તિઓ વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ ઈસ્યુ

શાંતિપૂર્ણ ચૂંટણી માટે આગોતરા પગલાં : ૨૦૦૯ શખ્સો સામે કલમ ૧૫૧ હેઠળ પગલાં ભરાયા ૪૩૯૦૨ લાયસન્સવાળા શસ્ત્રો જમા કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૧

મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી અનિતા કરવલે જણાવ્યું છે કે ગુજરાત રાજ્યની આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ મુક્ત અને પારદર્શક વાતાવરણમાં સંપન્ન થાય એ માટે ચૂંટણી પંચે સુરક્ષા સંબંધી આગોતરા ચુસ્ત પગલાં ભર્યા છે. મતદારો કોઈપણ લોભ-લાલચ વગર નિર્ભયતાપૂર્વક તેમની મતદાનની પવિત્ર ફરજ બજાવી શકે એ માટે ચૂંટણી તંત્ર દ્વારા સુરક્ષા સંબંધી સતર્ક કામગીરી કરી રહ્યું છે. તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં ૨૦૦૯ શખ્સોની સામે કલમ ૧૦૭ સાથે ૧૫૧ હેઠળ પગલા ભરવામાં આવ્યા છે. જ્યારે કલમ ૧૦૭ સાથે ૧૧૬(૩) અન્વયે ૯૭૩ લોકો, ૧૦૯ અને ૧૧૦ હેઠળ ૫૨૯૩ લોકો અને અન્ય કલમો હેઠળ ૧૧૦૮ લોકો સામે આગોતરી સુરક્ષા વ્યવસ્થા હેઠળ જુદા જુદા ગુના અન્વયે પગલા ભરવામાં આવ્યા છે. ૪૩૯૦૨ પરવાના ધરાવતા શસ્ત્રો જમા કરાયા છે. જ્યારે ૧૪૫ પરવાના રદ કરવામાં આવ્યા છે. ૧૫૨૩૮૮ વ્યક્તિઓ પાસે સીઆરપીસીની કલમ ૧૦૭/૧૧૬ હેઠળ બાંહેધરી મેળવવામાં આવી છે. ૪૦૩૩૫ વ્યક્તિઓ સામે બિન જામીનપાત્ર વોરંટનો અમલ કરવામાં આવ્યો છે. જ્યારે ૪૧૩૪ વ્યક્તિઓના બિન જામીનપાત્ર વોરંટના અમલની બાબત વિચારણા હેઠળ છે. રાજ્યમાંથી ૩.૬૨ લાખ લીટર દેશી દારુ અને ૯૯૮૧૧૮ વિદેશી દારૂની બોટલે કબજે લેવામાં આવી છે.

પાકિસ્તાની આતંકવાદી કસાબને ફાંસી આપી દેવામાં આવ્યા બાદ જુદાજુદા વિસ્તારોમાં આને લઈને ઉજવણી કરવામાં આવી હતી. લોકો ભારે ખુશ દેખાતા હતા.

નારીશક્તિના અપમાન બદલ ગિરીજા વ્યાસ માફી માંગે

અમદાવાદ, તા. ૨૧

ભાજપા મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષ અને સાંસદ જયશ્રીબેન પટેલે કોંગ્રેસના વાણીવિલાસ માટે ગુજરાતની ધરતી પર આવેલાં રાષ્ટ્રીય મહિલા આયોગના ચેરપર્સન ગિરીજા વ્યાસ નારીશક્તિના આણંદની ધરતી પર કરાયેલા અપમાન બદલ ગુજરાતની પ્રજાની માફી માંગે તેવી માંગણી કરી છે.

તેઓએ જણાવ્યું છે કે જુઠ્ઠાણાને ફેલાવવા માટે ટોળા ભેગા કરવા ગીત-સંગીતના કાર્યક્રમ કરનારી કોંગ્રેસના આણંદ ખાતેના કાર્યક્રમમાં પોતાની કલા રજૂ કરી રહેલી મહિલા કલાકાર પર નોટો ઉડાવીને કાર્યક્રરોએ પોતાના કુકર્મ અને ઓળખને છતી કરી છે અને સમગ્ર રાષ્ટ્રની નારીશક્તિના રક્ષણની જવાબદારી જેમના શિરે છે તેવા ગિરીજા વ્યાસ મૂકપ્રેક્ષક બનીને આ તમાશો જોતા રહ્યા, જેને ગુજરાતની ગરિમા અને નારીશક્તિના સ્વમાનને ઠેસ પહોંચાડવાનું કાર્ય કર્યું છે.

એમ.એ. સાયકોલોજીના બીજા સેમેસ્ટરના પેપર બદલાતા વિદ્યાર્થીઓ રડી પડ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત યુનિવર્સિટીના છબરડાઓએ કેટલાય વિદ્યાર્થીઓની કારકિર્દી સાથે ચેડા કર્યા છે. અચાનક પરીક્ષા રદ કરવાથી લઈને પેપર બદલી દેવા જેવા નિર્ણયોથી વિદ્યાર્થીઓની કારકિર્દીને ખુબ મોટુ નુકશાન જાય છે. તાજેતરમાં જ લેવાયેલી એમએ સાયકોલોજીના બીજા સમેસ્ટરની એક્સટર્નલ વિદ્યાર્થીઓની પરીક્ષામાં પેપર બદલી દેવાતા કેટલાક વિદ્યાર્થીઓ પરીક્ષા દરમ્યાન જ રડી પડ્યા હતા. જે પેપરની તૈયારી કરીને ગયા હતા તે પેપરના બદલે બીજુ પેપર હાથમાં આવતા વિદ્યાર્થીઓ નિરાશ થઈ ગયા હતા.

ગુજરાત યુનિવર્સિટી રાજ્યની સૌથી મોટી યુનિવર્સિટી ગણાય છે, તેમાં થતાં છબરડાઓ પણ એટલા જ મોટા છે. ચોક્કસ વ્યવસ્થાતંત્રના અભાવે પરીક્ષાઓનું પરિણામ મોડુ આવે છે તો ડિગ્રી સર્ટીફિકેટ મેળવતા વિદ્યાર્થીઓને વર્ષો નીકળી જાય છે. પરીક્ષાઓમાં થતાં છબરડાઓ અને ગોટાળાઓએ અનેક વિદ્યાર્થીઓની કારકિર્દી સામે પ્રશ્નાર્થ ઉભા કર્યા છે. તાજેતરમાં જ ગુજરાત યુનિવર્સિટી દ્વારા એમે સાયકોલોજીના બીજા સેમેસ્ટરના એક્સટર્નલ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાઈ હતી. આ પરીક્ષા દરમ્યાન અચાનક જ પેપર બદલી દેવાનો નિર્ણય લેવાતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. જે પેપરની તૈયારી કરીને ગયા હતા તેના બદલે બીજુ જ પેપર હાથમાં આવતા ઘણા વિદ્યાર્થીઓ પરીક્ષામાં જ રડી પડ્યા હતા. આ અંગે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના સત્તાતંત્રને ફરીયાદ કરતા તેમણે એવો ખુલાસો આપ્યો હતો કે પેપર બદલવા અંગેની માહિતી નેટ પર મુકવામાં આવી હતી. આથી વિદ્યાર્થીઓને અન્યાયનો કોઈ પ્રશ્ન જ નથી. પરંતુ જે વિદ્યાર્થીઓ નેટનો ઉપયોગ નથી કરતા તેઓ આ માહિતીથી વંચિત રહ્યા હતા. અને વર્ગખંડમાં પહોંચ્યા પછી જ તેમને આ અંગેની જાણ થઈ હતી. જો કે તે વખતે ખુબ મોડુ થઈ ગયું હતું.

કસાબને ફાંસી અપાતા મુસ્લિમ સમાજ સંતુષ્ટ

અમદાવાદ, તા. ૨૧

આજરોજ મુંબઈમાં આતંકવાદી હુમલો કરનાર એક માત્ર જીવીત આતંકવાદી અજમલ કસાબને ફાંસી આપવામાં આવી તેને સમગ્ર ગુજરાતના મુસ્લિમ સમાજે યોગ્ય ગણાવી કેન્દ્ર સરકારના ફાંસી આપવાના ઝડપી નિર્ણયને આવકાર આપ્યો છે. ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે જણાવ્યું છે કે, આતંકવાદીને કોઈ ધર્મ હોતો નથી તે તો ફક્ત માનવતાના દુશ્મન હોય છે. પવિત્ર કુરાન શરીફમાં પણ ઉપદેશ આપવામાં આવ્યો છે કે તમે જો એક નિર્દોષની હત્યા કરશો તો તે સમગ્ર માનવજાતની હત્યા સમાન છે.

લીંમડી નજીક ગમખ્વાર માર્ગ અકસ્માત

મશીનરી જોવા અમદાવાદની તરફ આવી રહ્યા હતા ત્યારે કાકાભત્રીજા સહિત કુટુંબના સભ્ય કાળનો કોળિયો બન્યા

રાજકોટ, તા. ૨૧

રાજકોટ અમદાવાદ હાઈવે પર આજે ગમખ્વાર અકસ્માતમાં કાકા-ભત્રીજા સહિત ચાર લોકોના મોત થતા ભારે સનસનાટી મચી ગઈ હતી. લીંબડી પાસે આ અકસ્માત સર્જાયા બાદ બચાવ અને રાહતકામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. મોતથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતુ. આ બનાવમાં ત્રણનો બચાવ પણ થયો હતો. બાલમુકુંદ સોસાયટીમાં રહેતા ફર્નિચરવાળા ભાઈ-ભત્રીજાઓ અમદાવાદ મશીન જોવા જઈ રહ્યા હતા ત્યારે ઝાયલો ગાડી ટ્રસ પાઇળ અથડાઈ ગઈ હતી. બે સગા ભાઈ અને ૩ૂપ અને ૨ ૪ વર્ષના તેમના બે ભત્રીજાના ઘટના સ્થળે જ મોત થયા હતા. અન્ય બે ભત્રીજા અને આઠ વર્ષના એક બાળકને ઈજા થઈ હતી પરંતુ આ ત્રણેયનો ચમત્કારિક બચાવ થયો હતો. બનાવની જાણ થાય બાદ રાજકોટ બાલમુકુંદ સોસાયટીમાં રહેતા પરિવારના અન્ય સભ્યો અને મોટી સંખ્યામાં મિત્રો તથા સમાજના લોકો લીંબડી પહોંચી ગયા હતા. એક સાથે ચાર ચાર સ્વજનોના મોતથી ભારે આઘાતનું મોજુ ફરી વળ્યુ હતુ. કાકાભત્રીજા નવા મશીનની ખરીદી કરવાના હેતુસર અમદાવાદ તરફ આવી રહ્યા હતા. પ્રાપ્ત અહેવાલ મુજબ શહેરના ભક્તિનગર સ્ટેશન પાસે ગોડાઉન રોડ ઉપર શિલ્પ ટાવરની બાજુમાં જુર્જર સુથાર પરિવારના બે સગા ભાઈ એક્યુરેટ વુડવર્ક ફર્નિચર નામથી પેઢી ધરાવે છે. કુલ છ સભ્યો રાજકોટથી અમદાવાદ આવવા કારમાં રવાના થયા હતા. દરમિયાન લીમડીથી ૧૨ કિલોમીટરના અંતરે ટોકરા ગામે કાર પહોંચી ત્યારે રોડ ઉપર બંધ પડી રહેલી ટ્રક ટ્રેલર નંબર જીજે૧૨ ઝેડ-૨૦૦૦ને અથડાઈ હતી. જેથી કારમાં મુસાફરી કરી રહેલા ચારના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

શબ્દાવલી - ૪૯૦૨



આડી ચાવી

૧. કેડી, વાટ, રસ્તો (૪)
૩. દમ, શ્વસન ક્રિયા (૨)
૫. સર્પ, નાગ (૨)
૭. સૌથી આગળ (૩)
૮. આભાર, ઉપકાર (૪)
૧૦. એક હિન્દી ફિલ્મ (૨)
૧૨. ઉપવાસ (૪)
૧૪. ચુક્યા વગર (૩)
૧૫. એક પીણું (૨)
૧૬. શોધ (૩)
૧૭. ટસલ, નાનો ઝગડો (૪)
૧૯. ભય, બીક (૨)
૨૦. ખાંડનો ગાંગડો (૩)

ઊભી ચાવી

૧. મહેમાનગતિ (૫)
૨. દેખાવ, ડોળ (૨)
૪. જૂથની રચના (૩)
૫. છાપ, આબરૂ, પ્રતિષ્ઠા (૨)
૬. હેરાન, મુશ્કેલીગ્રસ્ત (૪)
૭. મૃત્યુ (૨)
૯. કંજૂસ (૪)
૧૧. નાકના બે કાણા (૪)
૧૩. નકારી કાઢવું (૪)
૧૪. પાર વગરનું (૩)
૧૬. તિરાડ (૨)
૧૭. મોકો (૨)
૧૮. હસ્ત, હાથ (૨)

શબ્દાવલી ૪૯૦૧ના જવાબ

આડી ચાવી :- (૧) કરામત (૩) ચાબખો (૫) જીભાજોડી (૭) પુરાવો (૯) કળી (૧૦) વર (૧૨) કરમદા (૧૪) આડણી (૧૫) મચકોડ (૧૭) ગમ્મત (૧૮) ફીશ

ઊભી ચાવી :- (૧) કર્જ (૨) મરજીવો (૩) ચાખડી (૪) ખોરડુ (૬) જોટાળી (૭) પુરક (૮) કદાચ (૧૧) રણીધણી (૧૩) મમત (૧૪) આડશ (૧૬) કૉફી

મહાપુરાણ-૧

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાફ સફાઈ જેવી બાબતોને લગતી સમસ્યાઓ પર તંત્રએ ધ્યાન આપવું જરૂરી છે. પ્રાથમિક સુવિધાઓમાં જેનો સમાવેશ કરાયો છે તેવા રસ્તાઓ પાકા બને તો પણ ગામની સુવિધા વદશે. મનજીતસિંહ ગોહિલ અને રતુસિંહ ગોહિલ કહે છે કે ગામના ઘણા યુવાનો રીક્ષા ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે તેમને સત્તાતંત્ર દ્વારા અવારનવાર હેરાન કરવામાં આવે છે તે અટકવું જરૂરી છે. વળી ગામની પ્રાથમિક શાળાનુ નીચુ ગયેલું શૈક્ષણિક સ્તર ઉંચુ લાવવા માટે પ્રયાસો કરવા જોઈએ. ભલાજી ફુલાજી ઈચ્છે છે કે ગામમાં સેક્ટરો જેવી સુવિધાઓ જેવી કે સરકારી દવાખાનુ, બગીચો, રંગમંચ હોવા જોઈએ. જેથી ગામ અને શહેર વચ્ચેના તફાવતનો અંત આવે.

કામ અદ્ધરતાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

'ઘ' માર્ગને ચકાચક બનાવી દેવાયા બાદ મુખ્ય 'ચ' માર્ગના નવિનીકરણ સંદર્ભે રજુ થયેલી દરખાસ્તને પણ વિભાગ કક્ષાએથી મંજુરી આપી દેવાઈ છે. આવા સંજોગોમાં સેક્ટર-૨૦થી ૩૦ના આંતરિક માર્ગોની સુધારણાનું કામ વિસરાતા સેક્ટરના રહીશોમાં રોષની લાગણી વ્યાપી છે. સેક્ટરના આંતરિક માર્ગોની લાંબા સમયથી દરકાર ન લેવાતા ઉબડ ખાબડ રસ્તાઓ સ્થાનિક રહીશો માટે હાલાકીનું કારણ બન્યા છે. પાટનગર યોજના વિભાગ દ્વારા સેક્ટર-૨૦થી ૩૦ના આંતરિક માર્ગોની સુધારણા માટે ખર્ચના અંદાજ સાથે વિભાગને દરખાસ્ત રજુ કરી છે. આમ છતાં છ મહિનાથી વધુ સમયના અંતે પણ આ દરખાસ્ત સંદર્ભે વિભાગ કક્ષાએથી કોઈ નિર્ણય લેવાયો નથી. જેના પરિણામે શહેરના જુના સેકટરોના આંતરિક માર્ગો હજુ પણ કાચબાની પીઠ જેવા છે.

ઉમેદવારોની જાહેરાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુધીમાં કરી દેવાશે તેમ પણ જાણવા મળે છે. નવી દિલ્હી ખાતે આવતીકાલે તા. ૨૨મી નવેમ્બરના રોજ મળનારી ભાજપની કેન્દ્રિય ચૂંટણી સમિતિની બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રી વી. સતીષ પણ ખાસ ઉપસ્થિત રહેશે તેમ પણ ભાજપ મીડિયા સેલના કન્વીનર ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યું હતું. મુખ્યમંત્રી મોદી પણ આવતીકાલે દિલ્હી જનાર છે.

ચૂંટણી માટે સજ્જ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે નિરીક્ષકોની હાજરી સેકન્ડ રેન્ડમાઈઝેશન કરી મતવિસ્તારોની ફાળવણી કર્મચારીઓની કરી દેવાશે. આ પછી બીજા તબક્કાની તાલિમ અપાશે. આ અંગેની પણ તૈયારીઓ તંત્ર દ્વારા ચાલી રહી છે.

ખર્ચ નિયંત્રણને મુદ્દે પણ આસિ. ઓબ્ઝર્વરોની નિમણુંક માટે કર્મચારીઓને પ્રથમ તાલિમ આપી દેવાઈ છે અને હવે નિરીક્ષકો દ્વારા તેમની નિમણુંક કરાશે ત્યારબાદ આ અંગેની કામગીરીનો પણ ધમધમાટ શરૂ થઈ જશે.

ઉમેદવારી પત્રની ચકાસણી તેમજ અન્ય બાબતો અંગે જિલ્લા કલેકટરશ્રી પી. સ્વરૂપ અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી મનસુરીએ આજે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લામાં વહીવટીતંત્ર ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત બન્યું હોવાથી આખો દિવસ મીટીંગોનો ધમધમાટ વધી જવા પામ્યો છે.

આ વખતે પંચે કર્મચારીની તાલિમ પર વિશેષ ભાર મુક્યો હોવાથી પોલીંગ સ્ટાફ, પોલીસ સહિતના કર્મચારીઓને તાલિમ આપવામાં આવી રહી છે. જિલ્લામાં આચાર સંહિતાના અમલ માટે પાંચ ટીમો, સ્ટેટીક સર્વેલન્સની ૧૧ ટીમ તેમજ ફલાઈંગ સ્કવોડની પણ ૮ ટીમો કાર્યરત કરી દેવામાં આવી છે.

કંપની સમાચાર

ભારતનો સૌથી મોટો સોશ્યલ હબ કાફે કૉફી ડેનો અમદાવાદમાં કૉફી ફેસ્ટિવલ

કાફે કૉફી ડેની પધ્ધતિથી કૉફીને બ્રુ કરતા શીખો અને તમારા માનીતા પીણાની તાજગી અને સુગંધને ઘરે લાવો

ભારતમાં કાફે કૉફીની સૌથી મોટી રિટેલ શ્રૃંખલા કાફે કૉફી કે (સીસીડી) દ્વારા ગ્રાહકોને સાંકળતા પગલાં 'કૉફી ફેસ્ટિવલ'ની અમદાવાદમાં રજૂઆત કરવામાં આવી છે. તા. ૧૯ ડિસેમ્બર ૨૦૧૨ સુધી ચાલનારા કૉફી ફેસ્ટિવલમાં ગ્રાહકો કૉફી બનાવવાની સીસીડીની પધ્ધતિ શીખીને ઘરે જ તેનો સ્વાદ માણી શકે છે. અમદાવાદમાં પાલડી કાફે, રાધા કાફે અને જીસીપી કાફેમાં સીસીડીનો કૉફી ફેસ્ટિવલ ચાલી રહ્યો છે. આ ફેસ્ટિવલમાં ગ્રાહકો સાદી કૉફી, પ્લન્જર કે એસ્પ્રેસો રાઈટ જેવી પોતાનો માનીતો ટેસ્ટ બનાવવા શીખી શકે છે. અન્ય પગલું તે 'ડ્રિઝલ' છે. જેમાં વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલી ફ્રિઝલ બેગમાં ગરમ પાણીનો કપ નાંખીને જૂજ મિનિટોમાં પોતાની માનીતી કૉફીનો સ્વાદ માણી શકાય છે. અમદાવાદમાં દેવઅર્પણ કૉમ્પલેક્ષમાં આવેલા પાલડી કાફેમાં 'કૉફી ફેસ્ટિવલ' નો પ્રથમ દેખાવ આજે જોવા મળ્યો હતો.

ભારતમાં હોલીડે ઈન એક્સપ્રેસનો પ્રારંભ

ડ્યુએટ ઈન્ડિયા અને આઈએચજી દ્વારા અમદાવાદમાં પ્રથમ હોટલનો પ્રારંભ, ૨૦૧૬ સુધીમાં પ્રોપર્ટીઝની સંખ્યા ૧૮ થશે

દુનિયાની અતિ ઝડપથી વિકસતી હોટેલ બ્રાન્ડ્ઝમાં સમાવેશ પામતી હોલીડે ઈન એક્સપ્રેસ આજે હોલિડે ઈન એક્સપ્રેસ, અમદાવાદમાં પ્રારંભ સાથે ભારતમાં પ્રવેશ કર્યો છે. આ હોટલ અને સમાન બ્રાન્ડ હેઠળ વધુ ૧૮ હોટલો સંયુક્ત સાહસ દ્વારા શરૂ કરાશે. જેની શેરમુડીમાં ડ્યુએટ ઈન્ડિયા હોટેલ્સ લિમિટેડ (ડીઆઈએચ) નો ૭૬ ટકા અને ઈન્ટરકોન્ટીનેન્ટલ હોટ્લ ગ્રુપ (આઈએચજી) નો ૨૪ ટકા હિસ્સો રહેશે.

એરપોર્ટ અને સીટી સેન્ટરની ખૂબ જ નજીક આવેલી આ ૧૭૩ રૂમની પોપર્ટી તથા દુનિયાભરનાં આ બ્રાન્ડ હેઠળની અન્ય હોટલો આરામદાયકતા અને સુગમતા અને મૂલ્યની ઈચ્છા રાખતા સ્વતંત્ર અને સમજદાર પ્રવાસીઓની સ્માર્ટ હોટેલની વધતી જતી માંગ સંતોષશે, સુસંકલિત કામગીરીનો પ્રારંભ કરીને હોલિડે ઈન એક્સપ્રેસ, અમદાવાદ મહેમાનોને ગુણવત્તા, સારી રીતે ડિઝાઈન કરેલા રૂમ્સ, તમામ મહત્વની સગવડો તથા કોમ્પલીમેન્ટરી વાયફાય અને બ્રેડફાસ્ટ સાથે મહેમાનોને સ્પર્ધાત્મક કીંમતે ઘણી બધી સગવડ પુરી પાડશે.

તેમ ડ્યુએટ ઈન્ડિયા હોટેલ્સના પ્રેસિડેન્ટ નવિન જૈને જણાવ્યું હતું કે, 'અમને દેશમાં ગુણવત્તા ધરાવતી મીડ-માર્કેટ હોટલોને અભાવ વર્તાયો છે અને આ મહેમાનોની વધતી જતી માંગ સંતોષવાની કામગીરી અમારા બીઝનેસમાં કેન્દ્ર સ્થાને રહેશે. મીટ માર્કેટ હોટલોનું ક્ષેત્ર ભારતમાં રોકાણની ભારે તકો પુરી પાડે છે. માંગ અને પુરવઠાની સાનુકૂળ સ્થિતિ તથા બાંધકામ ખર્ચ સામે સંચાલનમાં નફાની ગણતરી ખુબ જ આકર્ષક જણાય છે.'

એક્સિસ બેન્ક રજૂ કરે છે બે નાવિન્યપૂર્ણ પ્રોડ્ક્ટસ

યુથ માટે આકર્ષક સેવિંગ્સ એકાઉન્ટ યુ લેડીઝ ફર્સ્ટ કાર્ડ - ગૃહિણીઓ માટે ડેબિટ કાર્ડ

ભારતમાં ખાનગીક્ષેત્રની બીજા નંબરની સૌથી મોટી એવી એક્સિસ બેન્કે યુવા વર્ગ અને ગૃહિણીઓ માટે નાવિન્યપૂર્ણ પ્રોડક્ટ્સ રજૂ કરી છે.

યુવા વર્ગને ધ્યાનમાં રાખીને યુ એકાઉન્ટ રજૂ કરવામાં આવ્યું છે. જેમાં યુવાવર્ગનું વલણ પસંદગીઓ, વર્તન વગેરેને ધ્યાનમાં રાખવામાં આવ્યાં છે. ૧૮ થી ૨૫ વર્ષની વયજૂથનાં લોકોને ધ્યાનમાં રાખીને આ એકાઉન્ટ રજૂ કરવામાં આવ્યું છે.

બ્રિટાનિયા તેની બ્રાન્ડ 'ટાઈગર' માટે બોલીવુડના સુપરસ્ટારને સાઈન અપ કરે છે

કિડ્સ સેગમેન્ટમાં શક્તિશાળી બ્રાન્ડમાંથી એક બ્રિટાનિયા ટાઈગરે ફિલ્મની સૌથી વિશાળ શક્તિશાળી બ્રાન્ડ બૉલાવુડના ટાઈગર સલમાન ખાન સાથે હાથ મેળવ્યા છે.

સલમાન ખાન વિવિધ વર્ગો અને ભુગોળમાં આગવી ઓળખ ધરાવે છે અને તેની ટાઈગર બ્રાન્ડ, તેની પ્રોડક્ટો અને પ્રમોશનલ પ્રવૃત્તિઓ પ્રસ્તુત કરવામાં તેના જોડાણ મારફત ટાઈગરમાં મુળ મૂલ્યોને નવી ઊંચાઈએ લઈ જવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

અભિનેતા સલમાન ખાન કહે છે, બ્રિટાનિયા ટાઈગર જેવી બ્રાન્ડનું પ્રતિનિધિત્વ કરવામાં મારી ખુશીનો કોઈ પાર નથી, કારણ કે આ બ્રાન્ડ બાળકો સુધી પહોંચે છે અને તેમની સાથે વાતો કરે છે, જે કામ કરવાનું મને પણ બહું જ ગમે છે. આ જોડાણ મારે માટે અત્યંત વિશેષ છે, કારણ કે મારૂં કુટુંબ અને હું બ્રિટાનિયા બિસ્કિટ્સના નિયમિત ગ્રાહક છીએ અને બ્રિટાનિયાનો ઉલ્લેખ થતાં જ તેની વિખ્યાત જિંગલ ટિંગ ટિંગ ટિંગ મારા મનમાં ઘુમરાવા લાગી જાય છે. આથી જ બ્રિટાનિયા ટાઈગર સાથે આ જોડાણ આનંદિત અને સફળ બની રહેશે એવી મારી અપેક્ષા છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601